# સેક્ટર-૨માં કોરોનાના વધુ બે કેસ

## સે. ૨-સી ને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકાયુ - સે. ૨-બી અગાઉ કન્ટેનમેન્ટ ઝોનમાં હતુ ત્યાંથી પણ એક કેસ મળી આવ્યો



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સે. ૨ માંથી આજે એક જ દિવસમાં એક સાથે બે કેસ મળી આવતાં મનપાનું આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ સેક્ટરમાંથી આજના બે કેસ સાથે કુલ કેસ પાંચ થયા છે. આ બન્ને કેસો લોકલ ટ્રાન્સમિશનની હિસ્ટ્રી ધરાવે છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોના પોઝીટીવના વધુ ૪ કેસ નોંધાયા છે. જેમાં બે શહેરી વિસ્તારમાં અને બે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના નોંધાયેલ કેસોની સંખ્યા વધીને ૮૩ થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે બન્ને કેસો સેક્ટર-૨માં નોંધાયા છે. બન્ને પુરૂષ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨-બી માં એક વ્યક્તીને કોરોના પોઝીટીવ જણાયેલ છે. આ વ્યક્તી આલમપુર એ.પી.એમ.સી. સ્ટાફ સાથે સંપર્કમાં હોવાનું જણાતાં તેના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલવામાં આવેલ હતા. પરીક્ષણ દરમ્યાન કોરોના પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં બીજો કેસ સે. ૨-સી માં નોંધાયો છે. ૩૫ વર્ષીય યુવક જે જીએસટીનો કર્મચારી છે અને કોવિડ-૧૯ની આ પરિસ્થિતિને ધ્યાને રાખી રખિયાલ અમદાવાદ ખાતે ખાસ ફરજ પર મુકવામાં આવેલ. આ કર્મચારીના ગઈકાલે નમૂના લેવાયા હતા અને આજે તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨-સી ને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતુ જાહેરનામુ પણ આ કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં મનપાના તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરના સે. ૨-માંથી આ અગાઉ કોરોનાના ૩ કેસ મળ્યા હતા આ બે કેસ વધુ મળતાં તંત્ર હરકતમાં આવી ગયુ છે. સેક્ટરમાં લોકડાઉનનો અમલ સખ્તાઈ સાથે કરવાની સૂચના સાથે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન કરવાની તાકીદ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના દર્દીની સંખ્યા ૩૮ થઈ છે. સે. ૨ માં વધેલા કેસને તંત્રએ ગંભીરતાથી લીધા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ

## સારવાર દરમ્યાન કલોલના વૃદ્ધનું અવસાન : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસની સંખ્યા ૪૫ થઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસની સંખ્યા ૪૫ થવા જાય છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થયુ છે. આ દર્દીના મોત સાથે જિલ્લાનો ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુ આંક પણ પાંચ પર પહોંચ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મૃતક દર્દી અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. તેને હૃદયની તકલીફ હતી અને કોરોના પોઝીટીવ આવ્યો હતો. ૬૮ વર્ષીય પુરૂષ દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ પાંચ દર્દીઓના મોતમાં ૪ દર્દી અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન થયા છે જ્યારે ૧ દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મોત થયુ છે. પાંચેય દર્દીઓ કોરોના ઉપરાંત અન્ય બિમારીઓ ધરાવતા હતા. જે પાંચ દર્દીના મોત થયા છે તેમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

**તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બીજો કેસ કલોલ શહેરમાં નોંધાયો છે. બાવન વર્ષીય પુરૂષ કલોલ નજીક એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને તે સ્ટાફ બસમાં જ નોકરી જતો હતો**

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના વધુ બે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ આ બન્ને કેસો લોકલ ટ્રાન્સમિશનથી થયાનું પ્રાથમિક તારણ સામે આવ્યુ છે.

નોંધાયેલા બે કેસોમાં એક કેસ ગાંધીનગર તાલુકાનો છે અને બીજો કેસ કલોલ શહેરમાં નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે નોંધાયેલ કેસનો દર્દી પ્રેક્ષા ભારતી ખાતે ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં હતો. ગઈકાલે તેના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલવામાં આવેલ જે રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે આ દર્દીને કોરોનાના કોઈ લક્ષણો દેખાતા ન હતા. એ-સિમ્ટોમેટિક દર્દી આ છે. આ દર્દી આલમપુર શાક માર્કેટ ખાતે સેવાઓ આપતો હોવાનું પણ જાણવા મળેલ છે અને તે આ માર્કેટયાર્ડના અગાઉ નોંધાયેલ દર્દીના સંપર્કમાં હોવાથી તેને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવેલ હતો.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બીજો કેસ કલોલ શહેરમાં નોંધાયો છે. બાવન વર્ષીય પુરૂષ કલોલ નજીક એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને તે સ્ટાફ બસમાં જ નોકરી જતો હતો. આ દર્દી ૧લી પછી નોકરી ગયેલ નથી. પરંતુ સારવાર તેણે તાવ અને ઉધરસ અંગે અગાઉ ખાનગી અને ત્યારબાદ ગઈકાલે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવેલ. ગઈકાલે તેના નમૂના લેવાતા આ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ ૪૫ દર્દી પૈકી સાત દર્દી સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. જ્યારે પાંચ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે. ૩૩ દર્દી હાલ સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## અન્ય રાજ્ય કે જિલ્લામાંથી

# શહેર-જિલ્લામાં પ્રવેશ લેનારે સેલ્ફ ડેકલેરેશન આપવુ પડશે

**જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યુ : ૧૪ દિવસ સેલ્ફ હોમ ક્વોરોન્ટાઈન રહેવુ પડશે; ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર કે જિલ્લામાં અન્ય જિલ્લામાંથી કે રાજ્યમાંથી આવનાર વ્યક્તીએ ૬ મે થી તેનુ સેલ્ફ ડેકલરેશન આપવાનું રહેશે એટલુ જ નહિ ૧૪ દિવસ સુધી ક્વોરોન્ટાઈન પણ રહેવુ પડશે. આનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવુ જાહેરનામુ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જારી કર્યુ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણના વધતા જતા કેસોના અવલોકનમાં જિલ્લા બહારથી આવેલ વ્યક્તીઓથી વધુ સંક્રમિત થયાની વિગતો બહાર આવી છે. આથી જિલ્લાતંત્રએ આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

આ જાહેરનામાં કંટ્રોલરૂમના ટોલ ફ્રી નંબર તેમજ ફોર્મ ભરવા માટેની સાઈટ પણ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેર કે જિલ્લામાં અન્ય જિલ્લાઓમાંથી કે અન્ય રાજ્યમાંથી આવેલ તેવા વ્યક્તીઓની મેળવી તેની તબીબી ચકાસણી કરવા સહિતના પગલાં લેવા જરૂરી બન્યા છે.

અમદાવાદ શહેર કે જિલ્લામાંથી આવનાર વ્યક્તીએ પણ ડેકલેરશન આપવાનું રહેશે તેવી સ્પષ્ટ નોંધ આ જાહેરનામામાં કરવામાં આવી છે. આ જાહેરનામાનો અમલ ૬ મે થી ૧૭ મે સુધી રહેશે.

આનો ભંગ કરનાર સામે કલમ ૧૮૮ સહિતના કાનૂની પગલાં લેવામાં આવશે તેમ પણ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યુ છે.

રાજ્ય સરકારે આંતર જિલ્લા હેરફેરની મંજૂરી આપવાના લીધેલા નિર્ણય પછી જિલ્લાતંત્રએ હવે કડક વલણ અખત્યાર કરવાનો નિર્ણય કર્યો છે.

# સે-૨૯ માં ૨૦ દિવસથી કોરોનાનો કેસ નથી : સેકટરની એન્ટ્રી ખુલ્લી કરવા માંગ

**કોરાનાના પ્રથમ દર્દી ઉમંગને પણ હોસ્પિટલમાંથી રજા આપ્યાને ૧૫ દિવસ થયા : સેકટરમાં તમામ એન્ટ્રી પોઇન્ટ પર બેરિકેટસ હજુ પણ લગાવાયેલા : એન્ટ્રી ખુલ્લી કરવા સ્થાનિકોની રજુઆત : સેકટરની નાકાબંધી વચ્ચે ઘ-૬ પાસે માર્ગ વચાળે જ શૌચક્રીયા કરી ગંદકી કરનારા બિન્દાસ્ત**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં કોરાનાના રોગચાળાએ જયાંથી પગપેસારો કર્યો હતો તેવા સે-૨૯ માં છેલ્લા ઘણાં સમયથી સેકટરના એન્ટ્રી એકઝિટ પોઇન્ટ બંધ કરી દેવાયા છે. સેકટરમાં ફરતે તમામ જગ્યાએ પોલીસ બેરિકેટસ મુકી દેવાયા છે. જયારે કોરોનાના પ્રથમ દર્દી ઉમંગને પણ ૧૫ દિવસ અગાઉ રજા આપી દેવામાં આવી છે. આમ છતા હજુ પણ સેકટરમાં બેરિકેટસ યથાવત છે. ત્યારે સ્થાનિકોએ સેકટરની એન્ટ્રી ખુલ્લી કરવા માટે માંગ કરી છે. જયારે સેકટરના ઘ-૬ વિસ્તાર પાસે માર્ગ વચાળે સ્થિત ડીવાઈડર પર શૌચક્રીયા કરી ગંદકી ફેલાવતા તત્વોને રોકવા માટે પણ માંગણી કરી છે.

શહેરના સે-૨૯ માં છેલ્લા ૨૦ દિવસથી કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી છતા સેકટરના એન્ટ્રી એકઝીટ પોઈન્ટ પર પોલીસ બેરીકેટસ દુર ન કરાતા સ્થાનિકો પરેશાન છે. સે-૨૯ માં ગાંધીનગરનો પ્રથમ કેસ નોંધાયો હતો. જયારે કોરોનાના પ્રથમ દર્દીને રજા આપવામાં આવી તે વાતને પણ ૧૫ દિવસ જેટલો સમય વિતી ગયો છે. સે-૨૯ માં કોરોનાના વધુ કેસ નોંધાયા બાદ આ વિસ્તારને તંત્ર દ્વારા કલસ્ટર કોરંન્ટાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સીવીલમાં ડૉક્ટરની સમયસૂચકતાએ કોરોના પોઝિટિવ દર્દીનો જીવ બચાવ્યો

**ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ડો. દિનકર ગોસ્વામીની સમયસૂચકતાને રાજ્યના વરિષ્ઠ તબીબીઓએ પણ બિરદાવી : સીવીલમાંથી કોરોના સામેના જંગ જીતનાર બે દર્દીઓએ ડો. દિનકર ગોસ્વામી અને ડો. ચિરાયુ વૈદની પ્રસંશા કરી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આજે બે દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને રજા આપવામાં આવી છે. જે બે દર્દીને રજા આપવામાં આવી છે તેમાં ગાંધીનગર સિવિલના તબીબ ડૉ. અરૂણભાઈ અને આલમપુર શાકમાર્કેટમાં સેક્રેટરી તરીકે સેવાઓ આપતા યજ્ઞેશભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આ બન્ને દર્દીના બે-બે રિપોર્ટ નેગેટીવ આવતાં તેમને રજા આપવામાં આવી છે. રજા મેળવનાર યજ્ઞેશભાઈ પટેલે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે કોરોનાથી ગભરાવવાની જરૂર નથી. સતર્ક રહો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સેવાઓ અંગે તેમણે જણાવ્યુ હતુ કે તબીબો અને તમામ કર્મયોગીઓએ અમે પરિવારના સભ્યો હોઈએ રીતે અમારી કાળજી લીધી છે. ત્યાં કોઈ જ પ્રકારની અગવડો નથી. અમોને ઉત્તમ





પ્રકારની સેવાઓ આ ટીમે અને હોસ્પિટલે આપી છે.

તેમણે કહ્યુ હતુ કે ડૉ. દિનકરભાઈ અને તેમની ટીમની વિશે કહીએ એટલુ ઓછુ પડે. સુંદર સેવાઓ એટલુ જ નહિ પરંતુ સંવેદનાસભર સેવાઓ આ ટીમે આપી છે.

યજ્ઞેશભાઈ આજે રજા મેળવી ઘરે ગયા ત્યારે પડોશીઓ અને પરિવારના સભ્યોએ તેમની પર ફૂલોની વર્ષા કરી તેમને આવકાર્યા હતા.

યજ્ઞેશભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા તેના એકાદ દિવસમાં જ તેમને ઓક્સીજન પર મુકવા પડ્યા હતા.

ડૉ. ચિરાયુભાઈ અને ડૉ. દિનકરભાઈની ટીમે પેશન્ટની ખુબજ કાળજી લીધી હતી. ઓક્સીજન દરમ્યાન તેમનામાં રહેલ ઈન્ફેક્શન માર્કર ઘટતા ન હોવાને કારણે ઓક્સીજનની માત્રા વધારવી પડતી હતી.

ડૉ. દિનકરભાઈએ રાજ્યના નિષ્ણાત તબીબો ડૉ. આર.કે. પટેલ, ડૉ. અતુલ પટેલ, ડૉ. અમીન, ડૉ. શશી મુદ્રા અને ડૉ. સેશીલભાઈ સાથે પેશન્ટની પરિસ્થિતિ સાથે લાંબો પરામર્શ કર્યો હતો.

પરમાર્શના અંતે વુહાનમાં જે "ટોસીલી ઝુમેબ" ઈન્જેક્શનનો સારવાર દરમ્યાન ઉપયોગ થયો હતો તે અંગે પુનઃ ડૉ. આર.કે. પટેલ, ડૉ. અતુલ પટેલ અને ડૉ. બીપીન અમીન સાથે પરામર્શ કર્યો. "ટોસીલી ઝુમેબ" ઈન્જેક્શન

● અનુસંધાન પાન-૭ પર

### ડૉ. દિનકરભાઈએ કહ્યું કે...

યજ્ઞેશભાઈમાં જે ઈન્ફેક્શન માર્કર ઘટતો ન હતો અને ઓક્સીજનનો સપ્લાય ૧૫ લીટર સુધી પહોંચી ગયો હતો. ખુબજ ચિંતાજનક અને નાજુક પળો હતી.

યજ્ઞેશભાઈને એક તબક્કે વેન્ટીલેટર પર રિફર કરવાનો વિકલ્પ સક્રિય વિચારણામાં હતો પરંતુ વાંચન અને નિષ્ણાત તબીબો સાથેના પરામર્શ તેમજ માર્ગદર્શનને લઈ વેન્ટીલેટરના બદલે ઈન્જેક્શન આપવાનો નિર્ણય લીધો હતો. તેમ ડૉ. દિનકરભાઈએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યુ હતુ.


આઠમી પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
વૈશાક સુદ-૧૫ (વૈશાખી પૂર્ણિમા)

અમો તમારો હસતો ચહેરો સદાય યાદ રહે. તમારું જીવન ગુલાબની જેમ સુગંધીત પ્રસરે, તમો દુઃખમાં સદાય હસતા રહ્યા અને સુખને વહેંચતા રહ્યા. તમો અમોને કુટુંબપ્રેમ, ખુમારી, મહેનત અને પ્રેમભાવ શીખવી ગયા. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી હૃદયથી પ્રાર્થના.

લી.
ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે
જતીનભાઈ જે. દવે (પુત્રી) ધર્મા જે. દવે (પુત્રવધુ)
તુષાર જે. દવે (પુત્ર) રીપા ટી. દવે (પુત્રવધુ)
હેમંત જે. દવે (પુત્ર) યોગિની એચ. દવે (પુત્રવધુ)
દૃષ્ટિ, વેદાંશી, નવ્યા (પૌત્રી)
સમસ્ત દવે પરિવાર



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# પરપ્રાંતિયોને લઈ જતી ટ્રેનના ભાડા વસુલીનો મુદ્દો જિલ્લામાં પણ ગરમાયો

**સરકાર ખોટી વાતો કરે છે અને ગરીબ શ્રમિકો પાસે ભાડુ વસુલે છે : ડો. ચાવડા**

ગાંધીનગર, તા. ૬

રવિવારથી પરપ્રાંતિય શ્રમિકોને તેમના વતન જવા દેવા માટે દોડાવાતી ખાસ ટ્રેનોમાં શ્રમિકો પાસેથી ભાડુ વસુલવાને મુદ્દે ગાંધીનગર જિલ્લામાં પણ રાજકારણ ગરમાયુ છે.

કેન્દ્ર સરકાર કહે છે કે ૮૫ ટકા કેન્દ્ર અને ૧૫ ટકા ભાડાની રકમ રાજ્ય સરકાર ભોગવે છે. આમ છતાં શ્રમિકો પાસેથી ભાડાની રકમ વસુલવામાં આવે છે.

આજે કોંગ્રેસના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાંથી અમે પરપ્રાંતિય મજૂરો જવા ઈચ્છા કરી રહ્યા છે તેમની વ્યવસ્થા કરવા રજુઆત કરી હતી.

આ પછી અમને જિલ્લામાંથી ગઈકાલે ૧૧૦૦ જેટલા શ્રમિકોને લઈ જવામાં આવી રહ્યા છે તેવી જાણ થતાં તેમના ભાડાની રકમ અમારા પક્ષે કરેલ જાહેરાત મુજબ ગાંધીનગર મનપાના કાઉન્સીલરો અને જિલ્લા કોંગ્રેસના આગેવાનો કલેક્ટર ઓફિસ પહોંચ્યા હતા.

તંત્રના અધિકારીઓ સાથેની વાતચીતમાં ભાડાના રૂ. ૪ લાખ જેટલા થશે તેવો અંદાજ વ્યક્ત થયો હતો. અમે અને અમારી કોંગ્રેસની ટીમે તે પૈસા આપવાની તૈયારી દર્શાવી અને અમને રિસિપ્ટ આપવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

જો કે આ પછી અધિકારીઓએ પૈસા લેવાની ના પાડી હતી. તેમણે કહ્યુ કે શ્રમિકો રવાના થાય ત્યારે તમે તેમને રોકડા આપી શકો છો ? અમે આ બધામાં ના પડીએ. ડૉ. ચાવડાએ જણાવ્યુ છે કે સરકારની વાતો કેટલી પોકળ છે. અમે ભાડુ આપવા તૈયાર છીએ તો તેઓ લેતા નથી અને ગરીબ શ્રમિકો જેવો રોજ કમાઈને રોજ ખાય છે તેમની પાસેથી વસુલવામાં આવે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com